236115
853

જાહેર સાહસોના નિયામકોને નિયામક મંડળ/સમિતિની બેઠકમાં હાજરી આપવા બદલ ચુકવવામાં આવતી ફી બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક:-જનવ-૧૦૨૦૦૭-યુઓ-૨૫૫-અ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૮-૩-૨૦૧૨.

વંચાણે લીધા:- (૧) નાણા વિભાગનો તા. ૨૭-૧૦-૧૯૭૦નો પરિપત્ર ક્રમાંક:- એપીબી-૧૧૭૦-૬૨૮-ઝેડ.

(૨) નાણા વિભાગનો તા. ૧૨-૧૧-૧૯૭૧નો પરિપત્ર ક્રમાંક:- એપીબી-૧૧૭૧-૬૦૯૮-ઝેડ.

(૩) નાણાં વિભાગના તા. ૧૯-૦૩-૧૯૭૫ના અ.સ. પત્ર ક્રમાંક:-EXP-1075-3572-K.

(૪) નાણા વિભાગનો તા. ૨૯-૮-૧૯૮૦નો પરિપત્ર ક્રમાંક:-જનવ-૧૪૮૦-૧૪૭૬-અ.

(૫) નાણા વિભાગનો તા. ૨૭-૦૫-૨૦૦૮નો ઠરાવ ક્રમાંક:-જનવ-૧૦૨૦૦૭-યુઓ-૨૫૫-અ.

<u>પ્રસ્તાવના:-</u>

રાજ્યના જાહેર સાહસોના નિયામકોને, રાજ્યના જાહેર સાહસોનાં નિયામક મંડળ/સમિતિઓની બેઠકમાં હાજરી આપવા બદલ ચુકવવામાં આવતી સીટીંગ ફી બાબતે નાણા વિભાગના આમુખમાં દર્શાવેલ ક્રમ (૧) થી (૪) ના પત્રો/પરિપત્રોથી વખતો વખત સુચનાઓ/માર્ગદર્શન આપવામાં આવેલ છે. સીટિંગ ફીના પ્રવર્તમાન દર સુધારવાની તથા સીટીંગ ફી બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજ્યના જાહેર સાહસોને ત્રણ કક્ષામાં વર્ગીકૃત કરી, નિયામક મંડળ/સમિતિની બેઠકમાં હાજરી આપવા માટે બેઠક દીઠ, જાહેર સાહસોની કક્ષા પ્રમાણે, સિટીંગ ફીના દર ચૂકવવાનું ઠરાવવામાં આવેલ છે તથા તે મુજબ અગાઉ બહાર પાડવામાં આવેલ તમામ સુચનાઓ રદ કરીને આમુખ (૫)માં દર્શાવેલ તા. ૨૭-૫-૨૦૦૮ના ઠરાવથી આ અંગેની સંકલિત સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

<u>સુધારા ઠરાવ</u>

ઉક્ત આમુખમાં દર્શાવેલ ક્ર-(૫) સામેના ઠરાવ સાથેના પરિશિષ્ટમાં

- કક્ષા (ક) જે સરકારશ્રીની ગ્રાંટ ઉપર અથવા સરકારે સોંપેલી યોજનાઓની અમલવારીથી થતી આવક ઉપર આધારીત હોય અથવા જે

જાહેર સાહસો ખોટ કરતાં હોય તેમાં ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળ **ક્રમાંક-૧૫-અ** તરીકે **આલ્કોક એશડાઉન (ગુજરાત) લી. નો સમાવેશ** કરવામાં આવે છે તથા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળ **ક્રમાંક-૨૨-અ** તરીકે **બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડનો સમાવેશ** કરવામાં આવે છે.

- કક્ષા (ગ) અન્ય જાહેર સાહસોમાં ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળ **ક્રમાંક-૭** સામે દર્શાવેલ **આલ્કોક એશડાઉન (ગુજરાત) લી.નું નામ રદ** કરવામાં આવે છે.

ઠરાવની બાકીની તમામ સુચનાઓ આથી યથાવત રાખવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રવીણ બી.ટેઇલર)
સેકશન અધિકારી,
નાણા વિભાગ,
જાહેર સાહસ બ્યુરો.

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
  માનનીય મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
  માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા, સચિવાલય., ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલ,ગુજરાત,રાજકોટ/અમદાવાદ
સચિવાલયના સર્વે વિભાગો.
સર્વે બોર્ડ / નિગમો.

જા.નં. નકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/૧૧૧૦૩–૧૧૧૬૫/૧૨
તા. ૧૪/૯/૨૦૧૨

૨/– સદર બાબતે ઘટતું થવા સારુ.

હિસાબી અધિકારી વ હિસાબ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી.